# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-07-2024** **Morning : 7.10 to 7.20**
**Day: MONDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર નિકીતા શાહ વાંચે છે.

---

- **રાજ્યમાં ચાંદીપુરાના અત્યાર સુધીમાં 84 કેસ નોંધાયા જેમાં 46 દર્દીઓ સારવાર હેઠળ**
- **દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાંક વિસ્તારોમાં ભારે વરસાદની વચ્ચે હવામાન વિભાગે આજે રેડ એલર્ટ જાહેર કર્યું.**
- **ગુજરાત વિદ્યાપીઠના 70મા પદવીદાન સમારંભમાં 972 વિદ્યાર્થીઓને પદવી એનાયત કરાઇ**
- **ભૂતાનના રાજા અને પ્રધાનમંત્રી શેરિંગ તોબગે આજે સ્ટેચ્યુ ઓફ યુનીટીની મુલાકાત લેશે.**
- **સંસદના બજેટ સત્રમાં આજે  કેન્દ્રીય નાણા મંત્રી નિર્મલા સિતારામણ આર્થિક સર્વેક્ષણ રજૂ કરશે**

------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# Preventive measures

રાજ્ય અને જિલ્લા કક્ષાએ રોગચાળા નિયંત્રણ અને અટકાયતી માટે સઘન કામગીરી કરાઈ રહી છે.

રાજ્યમાં એન્કેફેલાઈટીસના કુલ 84 કેસોમાંથી 46 દર્દીઓ સારવાર હેઠળ છે. ગઇકાલે 5 દર્દીઓના મોત થયા છે.

આરોગ્ય ટીમ દ્વારા કુલ 18 હજાર 729 ઘરોમાં સર્વેલન્સ કામગીરી કરાઈ છે. અત્યાર સુધીમાં એક લાખ 16 હજાર 205 કાચા ઘરોમાં ડસ્ટીંગ - સ્પ્રેઇંગ કામગીરી કરાઈ છે. દરેક કેસની રેપીડ રિસ્પોન્સ ટીમ દ્વારા તપાસ કરાઈ રહી છે. શંકાસ્પદ દર્દીઓના સેમ્પલ ત્વરીત ધોરણે GBRC ગાંધીનગર ખાતે મોકલી અપાયા છે.

અગ્ર સચિવ તથા કમિશનર આરોગ્ય દ્વારા દૈનિક ધોરણે તમામ કામગીરી પર દેખરેખ રખાઈ રહી છે.

જાહેર જનતામાં ભયનો માહોલ ન થાય તે માટે લોકોને સતત માહીતી માર્ગદર્શન અપાઈ રહ્યું છે.

---

-ચાદી, નિકીતા -(NAVIN)

# DAHOD CHANDIPURA

દાહોદ જિલ્લામાં રેટીયા ઊંચવાણીયા ગામે ચાંદીપુરા વાયરલ એન્કેફેલાઇટીસ વેક્ટરના નિયંત્રણ અને અટકાયત માટે દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો.. દાહોદ જિલ્લાના રેટીયા અને ઊંચવાણીયા ગામે દવાનો છંટકાવ કરવામાં આવ્યો હતો...

ગુજરાત રાજ્યના આરોગ્ય તંત્ર દ્વારા ચાંદીપુરા વાયરસ એન્કેફેલાઇટીસ વેક્ટરના નિયંત્રણ અને અટકાયત માટે સઘન પગલાંઓ લેવાનાં શરૂ કરવામાં આવ્યાં છે. જેમાં કાચા મકાનો અને ઢોર-કોઠાર એરિયામાં રોગ અટકાયત માટે મેલેથિયોન પાવડરથી ડસ્ટિંગ કરવામાં આવી રહ્યું છે.

-----------------------------------------------------------------------

- પીટીસી–દાહોદ, હર્ષલ પંડ્યા

-(NAVIN)

# Weather

રાજ્યમાં ગઇકાલ રાત દરમિયાન 103 તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે ત્યારે હવામાન વિભાગે આજે સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાંક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે..

હવામાન વિભાગે આજના દિવસ દરમિયાન સૌરાષ્ટ્રમાં રેડ એલર્ટ જાહેર કર્યું છે. નર્મદા, ડાંગ, ભરૂચ, તાપી, રાજકોટ, જામનગર, અમરેલી, ભાવનગર, કચ્છ અને દીવ જેવા જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે.

હવામાન વિભાગે આગામી 4 દિવસ સુધી રાજ્યમાં વ્યાપક વરસાદની આગાહી કરી છે.

---------------------------------------------------------------------

-રીપીટ

# RAIN OVERALL

દરમિયાન રાજ્યના દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાંક ભાગોમાં ગઇકાલ રાત સુધીમાં ભારેથી અતિભારે વરસાદ વરસ્યો છે.

અમરેલીના ધારી ગીર પંથકમાં મેઘ મહેર યથાવત રહી હતી. આ વિસ્તારના છતડીયા, મોરઝર, જર, હુડલી સહીત ગ્રામ્ય વિસ્તારમાં વરસાદ વરસતાં ખેડૂતોમાં ખુશી જોવા મળી હતી...

જામનગરમાં પણ ભારે વરસાદના પગલે જળબંબાકારની સ્થિતિ સર્જાઇ ગઇ હતી.. શહેરના અનેક નીચાણવાળા વિસ્તારોમાં ભારે વરસાદને લઈ પાણી ભરાયા હતા. મેઘમહેરને કારણે જામનગરની જીવાદોરી સમાન રણજીતસાગર ડેમ ઓવફ્લો થતાં જામનગરઓમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.. જામનગરના તમામ તાલુકાઓમાં એકંદરે એક ઇંચ થી લઈ અને ત્રણ ઇંચ જેટલો વરસાદ નોંધાયો છે.

દેવભૂમિ દ્વારકામાં પણ બારે મેઘ ખાંગા થયા હોયતેવી સ્થિતિ હતી. જેને કારણે જીલ્લાના અનેક નદી, તળાવ અને ડેમો છલકાઈ ગયા છે. જીલ્લા તંત્ર દ્વારા કલ્યાણપુર તાલુકાના શેઢા ભાડથરી ડેમ સહિતના નીચાણવાળા વિસ્તારોમાં આવેલ કાનપર શેરડી, ચપર, ચુર,માંગરીયા, હરીપર ગામના નાગરિકોને નદીના પટમાં અવર જવર ન કરવા તેમજ સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી હતી

દક્ષિણ ગુજરાતમાં પણ અવિરત અને અનારાધાર વરસાદ વરસી રહ્યો છે.. સુરત: શહેર અને જિલ્લામાં ગઇકાલ સાંજથી મોડી રાત સુધી ધોધમાર વરસાદ વરસ્યો હતો

ગઇકાલે સુરતના પલસાણામાં સાડા ચાર ઇંચ અને કામરેજમાં સવા ચાર ઇંચ  વરસાદ વરસ્યો હતો.. જ્યારે સુરત શહેરમાં ચાર ઇંચ તથા બારડોલીમાં પોણાત્રણ  વરસાદ ખાબક્યો હતો..

તાપીના  નિઝરમાં મુશળધાર વરસાદ એ કેટલાક વિસ્તારમાં જળ બમબાકાર ની પરિસ્થિતિ સર્જી દીધી હતી.. નિઝરમાં ગઇકાલે સાંજે બે કલાકના સમયગાળામાં જ પોણા ચાર ઇંચ વરસાદ વરસતા નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઇ ગયા હતા.. જ્યારે કેટલાક ઘરોમાં પાણી ભરાતા લોકોને ભારે હાલાકી નો સામનો કરવો પડ્યો હતો..

દરમિયાન વેરાવળમાં ભરાયેલી વરસાદી પાણીમાં ડૂબતા બે યુવકોના મોત થયા છે.

અમારા પ્રતિનિધી રાજેશ ભજગોતર જણાવે છે કે, છેલ્લા ચાર દિવસથી વેરાવળ વરસી રહેલા અનાધાર વરસાદથી અનેક વિસ્તારોમાં વરસાદી પાણી ભરાયા છે. ગઇકાલે બપોરે શાહીગરા કોલોની વિસ્તારમાં ભરાયેલા પાણીમાં 18 વર્ષના બે મિત્રો ડુબી જવાથી તેમના મોત થયા છે.

---------------------------------------------------------------------

- પીટીસી—સુરત, અમરેલી, દ્વારકા, તાપી, જામનગર, વેરાવળ, હર્ષલ પંડ્યા, નિકીતા

-(NAVIN)

# Saputara

વરસાદની મોસમમાં ગીરીમથક સાપુતારાનું વાતાવરણ અત્યંત અહલાદક બન્યું છે.

અમારા ડાંગના પ્રતિનિધી મુનિરા શેખ જણાવે છે કે, વરસાદી મોસમ માણવા મોટી સંખ્યામાં સહેલાણીઓ સાપુતારાની મુલાકાત લઇ રહ્યા છે. ગઇકાલે ધુમ્મસ ભર્યા વાતાવરણ સાથે વરસાદની ઝરમર હેલી વરસતા પ્રવાસીઓનો આનંદ લેવડાયો હતો અને પ્રવાસીઓએ ગીત-સંગીતના તાલે મોસમની મજા માણી હતી.

તો બીજી તરફ સાપુતારા – પોલીસ દ્વારા માપુતારા – માલગામને જોડતા રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર ખાડા પૂરવાની કામગીરી હાથ ધરાઈ હતી. સાપુતારા પોલીસની આ પહેલથી અકસ્માતોમાં ઘટાડો થઇ વાહન ચાલકોની સલામતી વધશે.

---

-પીટીસી, ડાંગ, નિકીતા -(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# VIDHYAPITH RAJYPAL

ગુરુપૂર્ણિમાના પર્વે રાજ્યપાલ અને ગુજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ આચાર્ય દેવવ્રતે ગૂજરાત વિદ્યાપીઠના 70 મા પદવીદાન સમારોહમાં 972 જેટલા વિદ્યાર્થીઓને પદવીઓ એનાયત કરી હતી.

તેમણે વિદ્યાર્થીઓને ગાંધીજીના 'સાદું જીવન-ઉચ્ચ વિચારો'ના સંદેશને અનુરૂપ શુદ્ધ, સાત્વિક અને ઉચ્ચ આદર્શો સાથે જીવન જીવવાની શીખ આપી હતી.

રાજ્યપાલે પદવીદાન સમારોહમાં 39 પીએચડી, 5 એમ.ફિલ., 457 અનુસ્નાતક, 424 સ્નાતક, 47 પી.જી. ડિપ્લોમા એમ કુલ 972 વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરાઇ હતી.આ પ્રસંગે પદ્મભૂષણ રાજશ્રીબેન બિરલાએ સૌ વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવી હતી..

---

- અખબારી યાદી, હર્ષલ પંડ્યા

-(NAVIN)

# Statue of Unity

ભૂતાનના રાજા શ્રીયુત વાંગચૂક અને પ્રધાનમંત્રી શેરિંગ તોબગે આજે સ્ટેચ્યુ ઓફ યુનીટીની મુલાકાત લેશે.

બંને મહાનુભાવોનું આજે વડોદરા એરપોર્ટ ખાતે સ્વાગત કરાયા બાદ ગરબા સાથે વધામણા કરાશે. ત્યાંથી બંને મહાનુભાવો કેવડીયા જવા રવાના થશે અને સ્ટેચ્યુ ઓફ યુનીટી, સરદાર સરોવર ડેમની મુલાકાત લેશે.

આ મુલાકાતના પગલે વડોદરા તથા નર્મદા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સુચારૂ વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

---------------------------------------------------------------------

-માહિતી, નિકીતા -(NAVIN)

# BUDGET SESSION

આજથી સંસદનું બજેટ સત્ર શરૂ થઈ રહ્યું છે. આગામી 12 ઓગસ્ટ સુધી ચાલનારા આ સત્રમાં કુલ 16 બેઠકો થશે. આકાશવાણી દિલ્હીના અમારા સંવાદદાતા જણાવે છે કે આ સત્ર મુખ્યત્વે 2024-25 માટેના કેન્દ્રીય બજેટને લગતા નાણાકીય વ્યવહારોને સમર્પિત રહેશે.

સત્રના પ્રથમ દિવસે એટલે કે આજે આર્થિક સર્વેક્ષણ - 2023-24 રજૂ કરવામાં આવશે. મંગળવારે નાણામંત્રી નિર્મલા સીતારમણ લોકસભામાં કેન્દ્રીય બજેટ રજૂ કરશે. એજ દિવસે કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરનું વર્ષ 2024નું બજેટ પણ રજૂ કરાશે. સરકાર આ સત્ર દરમિયાન છ નવા ખરડા રજૂ કરે તેવી શક્યતા છે.

બજેટ સત્ર દરમિયાન બંને ગૃહોનું યોગ્ય રીતે સંચાલન થાય તે માટે સરકારે ગઈકાલે સર્વપક્ષીય બેઠક બોલાવી હતી, જેમાં વિપક્ષને સહકાર માટે અપીલ કરી હતી.

---------------------------------------------------------------------

- પૂલ – સુનિતા

-(NAVIN)

# AMC ACTION

અમદાવાદ મહાનગર પાલિકા દ્વારા ગંદકી કરનારા તત્વો સામે કડક હાથે કામગીરી કરવામાં આવી રહી છે.. જે અંતર્ગત રવિવારના રોજ અલગ અલગ ઝોનમાં 112 જેટલા લોકો સામે કાર્યવાહી કરીને તેમની સામે 12 હજાર પાંચસો રૂપિયા જેટલા દંડની વસૂલાત કરવામાં આવી હતી..

આ ઉપરાંત હવે અમદાવાદના વિવિધ વિસ્તારોમાં છ હજારની વધુ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે જેના દ્વારા સર્વેલન્સ કરીને વિડિયોને આધઆરે હવે જાહેરમાં પાનમસાલા ખાઇને ગંદકી કરનારા તત્વોને ઘરે જ ઇ-મેમો આપવા પણ હવે મહાનગર પાલિકા આગામી દિવસોમાં કામગીરી હાથ ધરશે..

---------------------------------------------------------------------

- અખબારી યાદી, હર્ષલ પંડ્યા

-(NAVIN)

# PG-NEET

PG-NEET પરીક્ષા આગામી 11 ઓગસ્ટે લેવાશે. નેશનલ બોર્ડ ઓફ એકઝામીનેશન NBE દ્વારા તબીબી અનુસ્નાતક માટે લેવાની આ પરીક્ષા અગાઉ 23 જૂને લેવાવાની હતી. પરંતુ નીટ-યુજીના વિવાદના પગલે આ પરીક્ષા સ્થગિત કરાઈ હતી. બોર્ડ દ્વારા હવે આ પરીક્ષા 11 ઓગસ્ટે લેવાની જાહેરાત કરાઈ છે. વિદ્યાર્થીઓને 29 જુલાઈ સુધીમાં પરીક્ષા કેન્દ્ર અંગે સૂચના અપાશે.

ઉલ્લેખનીય છે કે, આ પરીક્ષા માટે 2.80 લાખ વિદ્યાર્થીઓ નોંધણી કરાવી છે.

---

-ન્યુઝ પેપર, નિકીતા -(NAVIN)

# MAN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ મહિનાની 28મી તારીખે પ્રસારિત થનારા આકાશવાણી પરના તેમના મન કી બાત કાર્યક્રમ માટે લોકોને વિચારો અને સૂચનો રજૂ કરવા આમંત્રણ આપ્યું છે.

એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ દરેક યુવાનોને **MyGov** ઓપન ફોરમ, નમો એપ પર સૂચનો લખવા અથવા ટોલ ફ્રી નંબર 1800-11-7800 ઉપર સંદેશાઓ રેકોર્ડ કરવા માટે આહ્વાન કર્યું છે.

28મી જુલાઇએ પ્રસારિત થનારો આ 112મો એપિસોડ હશે. મન કી બાત કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, **AIR** ન્યૂઝ વેબસાઈટ અને ન્યૂઝ એર મોબાઈલ એપ પર પ્રસારિત કરવામાં આવશે. એઆઈઆર ન્યૂઝ, ડીડી ન્યૂઝ, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર તેનું જીવંત પ્રસારણ કરવામાં આવશે. આકાશવાણી દ્વારા હિન્દી પ્રસારણ બાદ તરત જ પ્રાદેશિક ભાષાઓમાં આ કાર્યક્રમનું પ્રસારણ કરાશે.

---------------------------------------------------------------------

-રીપીટ